ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૯-૧૦-૨૦૨૨

- **કિસાન સંઘે અને ભાજપા સરકારે ભેગા મળીને કુલડીમા ગોળ ભાંગ્યો .... મનહર પટેલ**
- **૨૫ વર્ષથી ખેડુતોની ઠેકેદારી કરતી સંઘ સંચાલિત કિસાન સંઘ કયારેય ખેડુતોના પ્રશ્નો માટે પરીણામ સુધી લડતી નથી...**
- **કિસાન સંઘ ચુંટણી સમયે ગુજરાત સરકાર સામે ખેડુતાના પ્રશ્ને શુરા બને પરંતુ પરિણામલક્ષી એક પણ સંઘર્ષ કરેલ નથી**

ખેડુતોને વિશ્વાસના લેવા સરકારને આવી - તેવી કહે, ખેડુતોને રોડ પર લાવશે , ખેડુતેના વિશાળ સમુહ કે ખેડુત સભાઓ બોલાવે, તેમની સંસ્થાની વિચારધારા પ્રમાણે ઝેર ઓકતા ભાષણો કરીને પોતાના ખેડુતોના દુખ દર્દો માટે પોતે કિસાન સંઘ એક માત્ર હામી છે તેવો દેખાડો કરીને ખેડુતોનો ભોળવવા માટે કોઇ નાટક બાકી નહી રાખે પરતુ આ તમામ નાટક ભાજપા-સંઘનો સત્તા ટકાવી રાખવાનો એક ભાગ છે...એટલે ૨૫ વર્ષમા આ સંગઠન ખેડુતોના પ્રશ્નોને દિમાગથી સરકાર સામે મુકે છે દિલથી નહી અને દુર્ભાગ્ય એ છે કે મારો ખેડુત પોતાના સ્થિતિને લઈને દિલથી જોડાય છે એટલે જ ભાજપા સરકાર સામે કિસાન સંઘના તમામ આંદોલનો માત્ર નાટક સાબિત થયા છે.

દિલ્હીના સિમાડે ૧ વર્ષ ખેડુતોએ કેન્દ્રની ભાજપા સરકાર સામે આંદોલન ચલાવ્યુ ૩ કાળા કૃષિ કાયદા દેશના તમામ ખેડુતોની ભુંડી દશા બેસાડનાર હતા, જે કાયદા માટે ખેડુતોની - કૃષિ અર્થશાસ્ત્રીઓની કે કૃષિ વૈજ્ઞાનિકોની કોઇ માંગ પણ ન હતી, તેને પાછા ખેચવા માટે સરકાર સામે દેશના ખેડુતો પોતાના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા હતા ત્યારે કિસાન સંઘ કયા ઉભુ હતુ ? ત્યારે સમગ્ર દેશે જોયુ કે કિસાન સંઘ ભાજપા સરકારની કદમ બોચી કરતુ હતુ. તેમને આ આંદોલનને સમર્થન તો ન આપ્યુ પરંતુ સરકારની બગલ બેસીને સત્યાગ્રહી ખેડુત સમુદાયનો આડકતરો વિરોધ કર્યો હતો....એનાથી આગળ એક વર્ષના આ સત્યાગ્રહમા ૭૦૦ વધુ ખેડુતોએ પોતાના જીવ ગુમાવ્યા અને દેશની ખેતીના સવાલને શહાદત વોરી પરંતુ આ ભાગ્યવાન કિસાન સંઘે કિસાનોના દિવ્ય આત્માઓની શાંતિ માટે પણ એક શોક સંદેશ આપ્યો નથી....નથી પોતાની સંસ્થામા શોકાંજલીનો એક દિપક પ્રગટાવ્યો, આ છે દેશના અન્નદાતાઓ પ્રત્યે કહેવાતી સંઘ સંચાલિત કિસાન સંઘની ખેડુતો પ્રત્યેની સમજ.

ટુંકમા ગુજરાતમા કિસાન સંઘના ચાલુ આંદોલનનો આજે અંત આવ્યો છે એવુ છાપા કહે છે હવે ભાજપા અને કિસાન સંઘના જે કોઇ એક બે નેતા સિવાય આ વિટો કેમ વળ્યો તે કોઇને ખબર નહી હોય....અને કિસાન સંઘના ધરણા હવે મોકુફ છે....

મારા સ્પષ્ટ પ્રતિક્રીયા છે કે ખરેખર મુદ્દા હતા તેના પર સરકારે કોઇ સહમતી નથી આપી,

✓ જે દસ મુદ્દા ઉપર સમાધાનની વાત બહાર આવી છે તે તમામ મુદ્દામા કોઇ સ્પષ્ટતા નથી,

- ✔ ભાજપા સરકાર ૨૫૦ કરોડનુ પેકેજ જાહેર કર્યું, ભાજપાના સરકારના પેકેજના પડીકા કેવા હોય છે તેના સારો દેશ જાણતો થઈ ગયો છે.
- ✔ ભાજપા સરકારે પ્રશ્નો માટે તપાસ સમિતિ રચવાની ખાતરી આપી..સરકારે ભુતકાળની નિયુકત કરેલી સમિતિ-SIT એ કેવા પરિણામો આપ્યા છે તે આપણી સામે છે..અને ભાજપા સરકાર આવી સમિતિઓ પોતાના લાભ માટે નિયુકત કરે છે નહી કે ખેડુત જનતા માટે....
- ✔ ટુંકમા કહેવાતા મહત્વના ૧૦ મુદ્દાને લઈને કિસાન સંઘે આંદોલન શરુ કર્યું હતુ તેમા ખરખર મહત્વના મુદ્દા તેમા ન હતા... માત્ર સરકાર કુલડીમા ગોળ ભાંગી શકે તેવા મુદ્દાને લઈને આ આંદોલન હતુ અને તેનો જવાબ સરકાર આપી દીધો ખેડુતોના મુખ્ય પ્રશ્નો ત્યાને ત્યા છે જે કિસાન સંઘને કયારેય નજરમા નહી આવે ....

ખેડુતોની પીડા ઓછી કરવા તેના હૃદયમા બેસીને સમજવાનો પ્રયાસ કરો.... સામાન્ય સમજ કહે છે કે વૈજ્ઞાનિક અભિગમ સાથે ખેતીને નફાકારક બનાવવી હોય તો નીચેના મુદ્દાનુ નિરાકરણ જરુરી છે...

- ✔ MSP નો કાયદો બનાવો,
- ✔ ખેડુતોના દેવા "માફ" કરો અને વિજળી બિલ "હાફ" કરો
- ✔ ખાનગી કૃષિ યુનિ.ઓને તાળા મરાવો,
- ✔ પાક વિમો ચુકવો
- ✔ પશુ ધન ઉપર પણ વિમા યોજના નીચે આવરો,
- ✔ ડીઝીટલ જમીન માપણીને રદ કરો
- ✔ GLDC કૌભાંડો બહાર કાઢો
- ✔ અતિવૃષ્ટીની નુકશાનીની સહાય ચુકવો.
- ✔ પશુ પાલકોને દુધ પર સબસીડી આપો,
- ✔ નિરાધાર પશુઓને આશરો આપતી ગૌશાળાની ગૌ માતાના નિભાવ માટે બજેટમા મુકેલ અને જાહેર કરેલ નાણા તેમને આપો
- ✔ વાત થાય સાથે કરે ચુંટણી સમયે ખેડુતોના પ્રશ્નો પર
- ✔ ૭૦ % ખેતી મહિલા ઉપર છે ખેતીને જીવતી રાખવા માટે મહીલા ખેડુતોને ખાસ લાભ આપો.
- ✔ ખેતીના ઓજાર, સાધનો, પિયતના સાધનો, દવા -ખાતર - બિયારણ પર GST રદ કરો...

પરંતુ દુર્ભાગ્ય કે ગુજરાતના ખેડુતો માટે ભાજપા સરકારે આ દિશામા વિચારવાની પણ શરુઆત નથી કરી.

એટલે દેશના અન્નદાતાઓને મારી પ્રાર્થના છે કે કિસાન સંઘના મુદ્દા એ તમારા ખરેખર મુદ્દા અંત સુધી તેના હાથમા નથી રહેતા આ સમજને કાયમી ગાઠવાળી રાખશો..

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ